જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૫/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૯૧૪ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈગ્લીશ દારૂ, ૩ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૮૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશીશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૪૭/૧૬**

**બાપુનગર : નિમેશભાઇ અશોકભાઇ મોદી (ગૌરક્ષક)** (રહે.એવન ફ્લેટ, ચંદ્રનગર, પાલડી) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૫/૧૬ સવારના ૬/૦૦ થી ૬/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઓઢવ પાંજરાપોળ પાસે, તનમન ભાજીપાંઉ આગળ રોડથી, બાપુનગર મણીયાર ટ્રેલર આગળ ટાટા ૨૦૭ નંબર.જીજે.૦૧.૭૦૦૧ અને છોટા હાથી ગાડી નંબર જીજે.૦૧.સી.ઝેડ.૮૭૫૦ માં બેસીને આવેલ છ થી સાત અજાણ્યા ઇસમોએ નિમેશભાઇ તથા તેમના મિત્રો ઉપર પથ્થરમારો કરી ઇજાઓ પહોંચાડી તેમજ નિમેશભાઇનાં મિત્ર નિલેશ પટેલને તલવાર મારી, જમણા પગે ફ્રેક્ચર કરી, માથામાં જીવલેણ ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.લાડવા ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૪૮/૧૬**

**કૃષ્ણનગરઃ વાસુદેવ સુરજી મીણા** (રહે.ગામઃ બલવાણીયા, તા.જોથરી, પો.ધબોલા, જી.ડુંગરપુર રાજસ્થાન) એ તા.૨૧/૫/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પાર્શ્વનાથ ટાઉનશીપ, વાલકેશ્વર હાઇટ નામની કંન્ટ્રકશન સાઇટ ઉપર મજુરીકામ કરતી વાસુદેવની પુત્રી લક્ષ્મી (ઉ.વ.૧૮) ને આરોપણ બાઇ જયાબહેન અરવિંદભાઇ આબલીયા(રહે.વીક્ટોરીયા પાર્ક, ગંગોત્રી સર્કલ પાસે, નિકોલ) એ “પોતાના પતિ સાથે આડા સબંધ કેમ રાખે છે” તેવો શક કરી, લક્ષ્મી સાથે ઝપાઝપી કરતાં, લક્ષ્મીને મનમાં લાગી આવતાં તા.૨૦/૫/૧૬ સાંજનાં ૬/૩૦ વાગે સાઇટનાં પાંચમાં માળેથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>અપહરણની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૯/૧૬</u>**

**વાડજઃ** **(૧)** નિકુંજાબહેન જયંતીભાઈ પરમાર (ઉ.વ.૧૬) (રહે.ચંદ્રભાગા હાઉસીંગ ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ) ને તા.૨૦/૫/૧૬ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કેતન પોપટલાલ પરમાર (રહે.હાટડીયા બજાર, રોહીતવાસ, ખેરાલુ, જીલ્લોઃ મહેસાણા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નિકુંજાબહેનના પિતા જયંતીભાઈ પરમારે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.

**(૨)** દિપ્તીબહેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૧૫) (રહે. સોમીબહેનની ચાલી, શક્તિનગરના છાપરાં, રાણીપ ક્રોસ રોડ પાસે, નવા વાડજ) ને તા.૨૦/૫/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી જયેશભાઈ વિનોદભાઈ પરમાર (રહે.ગામઃ બુડાસણા, તાલુકોઃ કલોલ, જીલ્લોઃ ગાંધીનગર) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ દિપ્તીબહેનની માતા ભગવતીબહેન પરમારે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદ :</u>** **<u>સમાચાર યાદી નં.૯૫૦/૧૬</u>**

**કાલુપુરઃ** અશ્વિનભાઈ ગણપતરાજ મહેતા (ઉ.વ.૩૬)(રહે.સામ એપાર્ટમેન્ટ, લક્ષ્મીનારાયણ સોસાયટી, ઉસ્માનપુરા) એ તા.૨૧/૫/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૯/૧૫ થી તા.૨૫/૩/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન જૈનમ ધકેશન સ્ટોરના માલીક આરોપી (૧) રૂષભભાઈ સુરેશભાઈ મહેતા અને (૨) સુરેશભાઈ ઉગમરાજ મહેતાએ ભેગામળી, અશ્વિનભાઈને વિશ્વાસમાં લઈ કાલુપુર ધીકાંટા રાજલક્ષ્મી કોમ્પલેક્ષ ખાતે આવેલ અશ્વીનભાઇની દુકાનમાંથી રૂપિયા ૩૯,૫૪,૨૧૫/- મતાનો કાપડનો માલ ઉધાર લઈ, આજદીન સુધી માલનાં નાણા નહી ચુકવી અશ્વીનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**નવરંગપુરાઃ** ભરતભાઈ નટવરલાલ પટેલ (ઉ.વ.૩૫)(રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ વિભાગ-૧ સેક્ટર ૧ કૃષ્ણનગર નવા નરોડા) એ તા.૨૧/૫/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગૌરવ મહેશભાઈ ગોએલ અને (૨) મધુર મહેશભાઈ ગોએલ (રહે. સેક્ટર ૧૯, ફરીદાબાદ હરીયાણા) એ ભેગા મળી નવરંગપુરા લો ગાર્ડન નેશનલ હેન્ડલુમ પાસે આકાશરથ કોમ્પલેક્ષના ત્રીજા માળે ભરત એન્ડ પટેલ નામની ઓફીસે, ભરતભાઈ પટેલને વિશ્વાસમાં લઈ પ્રોજેક્ટ/કોંન્ટ્રાક્ટ ચલાવવા સારૂ પૈસાની માંગણી કરતા, ભરતભાઇએ બજાજ ફાઈનાન્સમાંથી રૂપિયા ૩૦ લાખની લોન લઇ, તે નાણા સી.જી.રોડ ખાતેની યશ બેંકમાં જમા કરાવતાં, તા.૯/૧૦/૧૫ નારોજ આર.ટી.જી.એસ. દ્વારા રૂપિયા ૨૯,૫૦,૦૦૦/- ખાતામાંથી ઉપાડી લઈ નાસી જઇ, ભરતભાઈ પટેલ સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૫૧/૧૬</u>

**આનંદનગરઃ** ખુશનમ પારસી અવારી (રહે.અંતરીક્ષ એપાર્ટમેન્ટ પોલીટેકનીક ચાર રસ્તા પાસે આંબાવાડી) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૫/૧૬ સાંજના ૬/30 થી તા.૨૧/૫/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન આનંદનગર શ્યામલ ચાર રસ્તા આર્કેડ ખાતે પોતાની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાંથી ડેલ કંપનીના લેપટોપ નંગ-3 કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૬,૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૫૨/૧૬</u>

**દાણીલીમડા : યાસ્મિનખાતુન મહમદવસીમ શેખ** (ઉ.વ.૨૨)(રહે.નબીનગર, ઉસ્માનનગરની બાજુમાં, બેરલ માર્કેટ, દાણીલીમડા) એ પોતાના પતિ સાથે ઘરેણાં બનાવી આપવા બાબતે ઝઘડો થતાં, મનમાં લાગી આવતાં તા.૨૧/૫/૧૬ નાં કલાક ૮/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)